JAYESH R. Limbachiya
ADVOCATE & NOTARY
0982 537 1671
Email- jdadvocates56@gmail.com

Office No: C-306, 3rd Floor, Sapphire Business Hub, Near Madhuvan Circle, Galaxy Circel Road, Adajan, Surat.

**TO WHOM SO EVER IT MAY CONCERN**

તા. ૩૦.૦૫.૨૦૨૩

**વિષયઃ- ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ**

સુરત ડીસ્ટ્રીકટ, મજુરા સબડીસ્ટ્રીકટના મોજે ગામ વડોદની સીમમાં આવેલી રે.સ.નં. ૨૨/પૈકી ૧ ક્ષેત્રફળ ૦ હેકટર ૮૧ આરે ૦૦ ચો.મી , ૨૨ / પૈકી ૨ ક્ષેત્રફળ ૦ હેકટર ૮૧ આરે ૦૦ ચો.મી તથા ૨૩ ક્ષેત્રફળ ૦ હેકટર ૮૮ આરે ૦૦ ચો.મી ની બિનખેતીની ખુલ્લી જમીન કુલ્લે ક્ષેત્રફળ ૨ હેકટર ૫૦ આરે ૦૦ ચો.મી એટલે કે ૨૫૦૦૦ ચો.મી જેનો એકત્રીકરણ બાદ નવો રે.સ.નં. ૨૨/૧ ક્ષેત્રફળ ૨ હેકટર ૫૦ આરે ૦૦ ચો.મી છે. તથા જેનો ટી.પી. સ્કીમ નં. ૬૩ (વડોદ) માં સમાવેશ થતાં ફાયનલ પ્લોટ નં. ૩૧ ક્ષેત્રફળ ૨૧૬૫૨ ચો.મી ફાળવવામાં આવેલ છે તે ફાયનલ પ્લોટ પૈકી સબ પ્લોટ નં. ૨ પૈકી સબ પ્લોટ નં. "બી" ક્ષેત્રફળ ૩૦૫૯.૫૬ ચોમી બિનખેતીની જમીન જમીનમાં **વાઈબ્રન્ટ બીલ્ડક્રાફટ એલએલપી- એક લીમીટેડ લાયાબીલીટી ભાગીદારી પેઢી ધ્વારા** રહેણાંકના હેતુ બાંધવામાં આવેલ **"કિયાન રેસીડેન્સી"** ના નામની યોજના વાળી મિલકત બાબત.

---

સદરહુ જમીનના ટાઈટલ અંગેની હકીકત એવી છે કે, સદરહુ જમીનના મુળ માલિક નગીનદાસ ઉત્તમરામ વિગેરે હતા. તેઓ કનેથી સદરહુ જમીન તા. ૦૪.૦૫.૧૯૩૧ ના રોજના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી શ્રી નારસિંહ ઉમેદસિંહે વેચાણ રાખેલ. જે અંગેની નોંધ ગામ દફતરે એન્ટ્રી નં. ૧૫૦ તા. ૧૨.૦૬.૧૯૩૧ ના રોજ કરવામાં આવેલી છે. ત્યારબાદ સદરહુ જમીનના માલિક નારસિંહ ઉમેદસિંહ મે. મામલતદારશ્રી ચોર્યાસીના હુકમ નં. આર.ટી.એસ/૧૩ તા. ૨૫.૧૨.૧૯૪૨ તથા તા. ૨૯.૦૮.૧૯૪૩ ના હુકમ અન્વયે વહેંચણ કરેલી.જેને આધારે સદરહુ જમીનમાં નારણસિંહ ઉમેદસિંહની સાથે માનસિંહ ઉમેદસિંહ, મોહનસિંહ ઉમેદસિંહ તથા સગીર



JAYESH R. LIMBACHIYA ADVOCATE

રામસિંહ જયસિંહ ના વાલી સંરજબેન તે જયસિંહ ઉમેદસિંહની વિધવાના નામો દાખલ કરવામાં આવી છે.
આવેલા. જેની નોંધ ગામ દફતરે એન્ટ્રી નં. ૩૩૩ તા. ૨૯.૦૮.૧૯૪૩ થી કરવામાં આવી છે.

ત્યારબાદ, સદરહુ જમીનની ફરીથી વહેંચણ કરવામાં આવેલી અને તે આધારે નારસિંહ ઉમેદસિંહ વિગેરેની સાથે મોહનસિંહ ઉમેદસિંહનું નામ દાખલ કરવામાં આવેલ. જે અંગેની નોંધ રેવન્યુ દફતરે એન્ટ્રી નં. ૩૩૫ થી તા. ૨૯.૦૮.૧૯૪૩ ના રોજ કરવામાં આવી છે. ત્યારબાદ, મોહનસિંહ ઉમેદસિંહ તા. ૦૨.૦૮.૧૯૭૨ ના રોજ ગુજરી જતા તેમના વારસ તરીકે ગેમલસિંહ મોહનસિંહનું નામ દાખલ કરવામાં આવેલું. સદરહુ જમીનના ક્ષેત્રફળમાં સુપ્રિટેનડન્ટ લેન્ડ રેકોર્ડ વડોદરા વિભાગના હુકમ નં. કેજીપી/એસ/૭૬૧ તા. ૧૪.૧૨.૧૯૬૧ થી ઘટાડો કરવામાં આવેલો. જેની નોંધ રેવન્યુ દફતરે એન્ટ્રી નં. ૭૮૦ થી તા. ૨૪.૦૩.૧૯૭૨ ના રોજ કરવામાં આવેલી. સદરહુ જમીનના ક્ષેત્રફળમાં તથા આકારમાં સુપ્રિ. લેન્ડ રેકોર્ડ સાહેબ, વડોદરાના હુકમ નં. કેજીપી/એસઆર–૩૨૨ તા. ૦૪.૧૧.૧૯૭૦ થી ઘટાડો કરવામાં આવેલો. ત્યારબાદ, સદરહુ જમીન તથા અન્ય જમીનનો વહેંચણ આ અગાઉ તા. ૧૨.૦૫.૧૯૩૫ ના રોજ વહેંચણ કરાર અન્વયે થયેલી હોવા છતાં સ્થળ ઉપરના પ્રત્યક્ષ કબજા પ્રમાણે વહેંચણ કરવામાં આવેલી. જે મુજબ સદરહુ જમીન પૈકી સર્વે નં. ૧૭૬/૧ વાળી જમીન ગેમલસિંહ મોહનસિંહે કુ.વ.ના હિસ્સે તથા સર્વે નં. ૧૭૬/૨ વાળી જમીન ચંદ્રસિંહ માનસિંહ ના હિસ્સે તથા સર્વે નં. ૧૭૬/૩ વાળી જમીન ગંભીરસિંહ નારસિંહ ના હિસ્સે તથા સર્વે નં. ૧૭૬/૪ વાળી જમીન રામસિંહ જયસિંહના હિસ્સે પ્રાપ્ત થયેલી તે અંગેની નોંધ રેવન્યુ દફતરે એન્ટ્રી નં. ૯૭૩ થી તા. ૧૭.૦૨.૧૯૯૦ ના રોજ કરવામાં આવેલી.

સદરહુ જમીન શહેરી જમીન ટોચ મર્યાદા ધારો ૧૯૭૬ લાગુ પડતા સદરહુ ધારાની કલમ ૬(૧) હેઠળ ફોર્મ શ્રી રામસિંહ જયસિંહ વિગેરેનાએ ભરેલુ. તા. ૧૭.૦૨.૧૯૭૬ ના રોજ સદરહુ જમીન ખેતી ઝોનમાં આવેલી હોવાથી સદરહુ જમીનને મજકુર ધારા હેઠળ આવરી લેવામાં આવે ન હતી. સને ૧૯૮૬ માં સુડાના કાર્યક્ષેત્ર હેઠળની જમીનોના ઝોન બદલાતા સદરહુ જમીન રહેઠાણ ઝોનમાં આવી હતી. જેના કારણે સદરહુ કાયદા હેઠળનું ફોર્મ પ્રોસેસ કરી સક્ષમ અધિકારીશ્રી અને નાયબ કલેકટરશ્રી યુ.એલ.સી. સુરતના તરફથી તેમના હુકમ નં. યુ.એલ.સી./૬(૧)/૨/૨૨૧૫/૨/૨૨૦૪/૨૨૦૭/વડોદ/યુનીટ ૨ તા. ૧૦.૧૧.૧૯૯૩ થી રાખવાપાત્ર મિલકત ઠરાવેલી.

સદર તમામ જમીનોને સર્વે નં. અંગે સુધારો કરી રી–સર્વે નંબર આપવા અંગેનો તથા સુધરેલા ક્ષેત્રફળ જાહેર કરવા અંગેનો હુકમ નાયબ કલેકટરશ્રી ચોર્યાસી પ્રાંત સાહેબ તરફથી તેઓના હુકમ નં. જમન/વશી/૫૧૬૮/૦૩ તા. ૧૦.૦૨.૨૦૦૪ થી આપવામાં આવેલ છે અને તે મુજબ રેવન્યુ દફતરે નોંધ થયેલી છે.



JAYESH R. LIM[illegible]CHIYA ADVOCATE

ત્યારબાદ, મુળ જમીન માલિકો (૧) ગેમલસિંહ મોહનસિંહ પોતે તથા એકત્ર કુટુંબના કર્તા તરીકે (૨) ફતેસિંહ મોહનસિંહ પોતે તથા એકત્ર કુટુંબના કર્તા તરીકે (૩) રામસિંહ મોહનસિંહ પોતે તથા એકત્ર કુટુંબના કર્તા તરીકે (૪) ભુપતસિંહ રામસિંહ પોતે તથા એકત્ર કુટુંબના કર્તા તરીકે (૫) રમણસિંહ રામસિંહ પોતે તથા એકત્ર કુટુંબના કર્તા તરીકે (૬) મહેશસિંહ રામસિંહ પોતે તથા એકત્ર કુટુંબના કર્તા તરીકે (૭) ભરતસિંહ ગણપતસિંહ પોતે તથા એકત્ર કુટુંબના કર્તા તરીકે (૮) ચંદ્રસિંહ માનસિંહ પોતે તથા એકત્ર કુટુંબના કર્તા તરીકે (૯) નટવરસિંહ માનસિંહ પોતે તથા એકત્ર કુટુંબના કર્તા તરીકે (૧૦) રમણબેન ચંદ્રસિંહ (૧૧) ધર્મેન્દ્રકુમાર ચંદ્રસિંહ (૧૨) મનોજકુમાર ચંદ્રસિંહ કનેથી જુના સર્વે નં. ૧૭૬/૧, ૧૭૬/૩ તથા ૧૭૬/૪ વાળી મિલકત (૧) વનીતાબેન ભોગીલાલ પટેલ (૨) જતીન ભોગીલાલ પટેલ એ રજીસ્ટર્ડ દસ્તાવેજ દ્વારા વેચાણથી રાખેલ જે દસ્તાવેજ મહે. સુરતના સબ–રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં. ૨૪૮૮૧ તા. ૨૩.૦૯.૧૯૯૯ થી નોંધાયેલ છે. અને તે અંગે નોંધ રેવન્યુ દફતરે થયેલ છે. ત્યારબાદ (૧) વનીતાબેન ભોગીલાલ પટેલ (૨) જતીન ભોગીલાલ પટેલ તથા (૩) મયુર ભોગીલાલ પટેલ કનેથી સદરહુ જમીનો જેના નવા રીસર્વે નંબર અનુક્રમે ૨૩, ૨૨/૧ તથા ૨૨/૨ આપવામાં આવેલા તે જમીનો ધીમંત ઠાકોરભાઈ નાયકે રજીસ્ટર્ડ દસ્તાવેજ દ્વારા વેચાણથી રાખેલ જે દસ્તાવેજ મહે.સુરતના સબ–રજીસ્ટ્રાર શ્રી, સુરત–૨(ઉધના) ની કચેરીમાં અનુક્રમ નં. ૨૪૭૩ તા. ૨૩.૦૨.૨૦૦૬ થી નોંધાયેલ છે. અને તે અંગે નોંધ રેવન્યુ દફતરે થયેલ છે. ત્યારબાદ મજકુર ધીમંત ઠાકોરભાઈ નાયકે સદરહુ રી સર્વે નં. ૨૩ ક્ષેત્રફળ ૮૮૦૦ ચો.મી તથા રીસર્વે નં. ૨૨/પૈકી ૧ ક્ષેત્રફળ ૮૧૦૦ ચો.મી તથા રીસર્વે નં. ૨૨/પૈકી ૨ ક્ષેત્રફળ ૮૧૦૦ ચો.મી મળી કુલ ક્ષેત્રફળ ૨૫૦૦ ચો.મી પૈકી ૪૦૫૩.૪૬ ચો.મી જમીન રોડમાં જતા બાકી રહેતી ૨૦૯૪૬.૫૪ ચો.મી વાળી જમીનમાં રહેઠાણના હેતુ માટે બીનખેતી કરવા કરેલ અરજી અનુસાર કલેકટરશ્રી સુરતે તેમના હુકમ નં. (જે)બખ/તપસ/રજી.નં. ૨૩૨૦ થી ૨૩૨૨/૦૬–૦૭ તા. ૨૨.૦૬.૨૦૦૭ થી બીનખેતીની પરવાનગી આપેલ. ત્યારબાદ ધીમંત ઠાકોરભાઈ નાયક સાથે વિજયભાઈ ઈશ્વરલાલ દેસાઈ, છાયા ઉમંગ નાયક, હેમંત હીરાલાલ જરીવાલા, કમલેશભાઈ હસમુખલાલ ગજજર, હિમાંશુ એચ. ગજજર, અનંત હિમાંશુ ગજજર તથા કૌશલ્યાબેન મોહનસિંહ કથવાડીયા મળી કુલ આઠ શખશોએ ભાગીદારીમાં "શ્રી લક્ષ્મી ડેવલપર્સ" નામની ભાગીદારી પેઢીનું તા. ૧૬.૧૧.૨૦૧૧ ના રોજ નિર્માણ કર્યુ જેનો કાયદેસરનો એક ભાગીદારીનો લેખ મજકુર આઠ ભાગીદારોએ તા. ૩૦.૦૩.૨૦૧૨ ના રોજ નોટરીશ્રી મહેન્દ્ર એસ. ચૌધરી, સુરત પાસે નોટરાઈઝ કરાવેલ જે તેમના નોટોરીયલ રજીસ્ટરમાં અનુક્રમ નં. ૨૪૫/૨૦૧૨ થી નોંધાયેલ છે. મજકુર ભાગીદારો પૈકી એક ભાગીદાર ધીમંત ઠાકોરભાઈ નાયક સદરહુ ભાગીદારીની રચના સમયેજ

ભાગીદારીમાં પોતાના મૂડી રોકણ પેટે સદરહુ રીસર્વે નં. ૨૨/૧, ૨૨/૨ તથા ૨૩ વાળી બીનખેતીની જમીન લાવ્યા હતા જેનો ઉલ્લેખ સદરહુ ભાગીદારીના લેખમાં કરેલ છે.

સદરહુ જમીનો ને ટી.પી.સ્કીમ નં. ૬૩(વડોદ) લાગુ પાડવામાં આવેલ જેમાં સદરહુ જમીનો સામે ફાયનલ પ્લોટ નં. ૩૧ ક્ષેત્રફળ ૨૧૬૫૨ ચો.મી જમીન સદરહુ પેઢીને ફાળવવામાં આવેલ જે પૈકી ઉપરનસ વિગતે ૨૦૯૪૬.૫૪ ચો.મી જમીન બીનખેતીની થઈ ગયેલ હોવાથી બાકીની ૭૦૫.૪૬ ચો.મી જમીન કલેકટરશ્રી સુરતે તેમના હુકમ નં. સીબી/એનએ/સુરત/વડોદ/૨૨/પી૧/૯૯૭૩૦૫/૨૦૧૯ તા. ૦૬.૦૨.૨૦૧૯ થી વસવાટના હેતુ માટે બીનખેતીની કરી આપેલ. એ રીતે સદરહુ ફાઈનલ પ્લોટ નં. ૩૧ ની સમગ્ર જમીન બીનખેતીની થઈ ગયેલ છે.

શ્રી લક્ષ્મી ડેવલપર્સ ની ભાગીદારી પેઢીમાં ઉપર મુજબ કુલ ૮ ભાગીદારો હતા. જે પૈકી સદરહુ ભાગીદારીમાંથી મજકુર હિમાંશુ એચ. ગજજર એચયુએફ તથા અનંત હિમાંશુભાઈ ગજજર તા. ૩૧.૦૩.૨૦૨૨ ના રોજ હિસાબી વર્ષ પુરૂ થયેથી હિસાબ સમજી છુટા થઈ ગયેલા તથા સદરહુ જમીનો શ્રી લક્ષ્મી ડેવલપર્સ ની ભાગીદારી પેઢીના માલિકી તથા કબજા ભોગવટામાં ભાલુ રાખવામાં આવેલ જે અંગેનો તા. ૦૫.૦૮.૨૦૨૨ ના રોજ લખાયેલ ભાગીદાર છુટા થવા બાબતનો કાયદેસરનો લેખ નોટરી શ્રી નિરવકુમાર કે. ભગવા ના નોટરીયલ રજીસ્ટરમાં અનુક્રમ નં. ૪૪૭૩/૨૨ થી તા. ૦૫.૦૮.૨૦૨૨ ના રોજ નોંધવવામાં આવ્યો છે. તથા બાકીના ભાગીદારોએ સદરહુ ધંધો તેમની ભાગીદારીમાં તા. ૦૧.૦૪.૨૦૨૨ ના રોજ થી ચાલુ રાખેલ જે અંગેનો તા. ૦૫.૦૮.૨૦૨૨ ના રોજ લખાયેલ કાયદેસરનો ભાગીદારી લેખ નોટરી શ્રી નિરવકુમાર કે. ભગત ના નોટોરીયલ રજીસ્ટરમાં અનુક્રમ નં. ૪૪૭૩/૨૨ થી તા. ૦૫.૦૮.૨૦૨૨ ના રોજ નોંધવામાં આવ્યો છે. તથા રજીસ્ટ્રાર ઓફ ફર્મ્સમાં પણ તે અંગેની નોંધ થઈ ગયેલ છે. ત્યારબાદ સુરત ડિસ્ટ્રીકટ મજુરા સબ ડિસ્ટ્રીકટ મોજે ગામ વડોદની સીમમાં આવેલી રે.સ.નં. ૨૨/પૈકી ૧ ક્ષેત્રફળ ૦ હેકટર ૮૧ આરે ૦૦ ચો.મી , ૨૨/પૈકી ૨ ક્ષેત્રફળ ૦ હેકટર ૮૧ આરે ૦૦ ચો.મી તથા ૨૩ ક્ષેત્રફળ ૦ હેકટર ૮૮ આરે ૦૦ ચો.મી ની બિનખેતીની ખુલ્લી જમીન કુલ્લે ક્ષેત્રફળ ૨ હેકટર ૫૦ આરે ૦૦ ચો.મી એટલે કે ૨૫૦૦૦ ચો.મી જેનો એકત્રીકરણ બાદ નવો રે.સ.નં. ૨૨/૧ ક્ષેત્રફળ ૨ હેકટર ૫૦ આરે ૦૦ ચો.મી છે તથા જેનો ટી.પી.સ્કીમ નં. ૬૩ (વડોદ) માં સમાવેશ થતાં ફાયનલ પ્લોટ નં. ૩૧ ક્ષેત્રફળ ૨૧૬૫૨ ચો.મી ફાળવવામાં આવેલ છે તે ફાયલન પ્લોટ પૈકી સબ પ્લોટ નં. ૨ પૈકી સબ પ્લોટ નં. ''બી'' ક્ષેત્રફળ ૩૦૫૯.૫૬ ચો.મી બીન ખેતીની જમીન તેને લગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિત ઉંચે આકાશ અને નીચે પાતાળ સુધી તેને લાગતા વળગતા તમામ હકકો સહિત કુલ્લે દરોબસ્ત મુજકુર લક્ષ્મી ડેવલપર્સની ભાગીદારી પેઢીની પાસેથી કમલેશભાઈ હસમુખભાઈ



JAYESH R. LIMBACHIYA ★ ADVOCATE ★

ગજજરે અલથાણ સબરજીસ્ટ્રી કચેરીમાં અનુક્રમ નં. ૧૦૦૯૧ થી તા. ૦૩.૧૦.૨૦૨૨ ના રોજ નોંધાયેલા વેચાણ દસ્તાવેજથી ખરીદ કરી હતી. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ માં નોંધ નં. ૫૩૨૫ થી તા. ૦૩.૦૫.૨૦૨૩ થી થયેલ છે. અને ત્યારથી કમલેશભાઈ હસમુખભાઈ ગજજર એકલા સંપુર્ણ અને સ્વતંત્ર માલીકી કબજા ભોગવટા ચાલી આવેલા.

ત્યારબાદ કમલેશભાઈ હસમુખભાઈ ગજજર સદરહુ જમીન ડેવલોપ કરવા સારૂ તથા તેની ઉપર મંજુર થયેલ પ્લાન અનુસાર બાંધકામ કરવા સારૂ **વાઈબ્રન્ટ બીલ્ડક્રાફ્ટ એલએલપી– એક લીમીટેડ લાયાબીલીટી ભાગીદારી પેઢી** સાથે ડેવલોપમેન્ટનો કરાર કરેલ. જે ડેવલોપમેન્ટનો કરાર મહે. સુરતના સબ. રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં. ૨૭૫૩ થી તા.૧૦.૦૩.૨૦૨૩ નોંધાયેલ છે. એ રીતની હમારા ટાઈટલની હકીકત છે. અને તમોએ હમારી મિલકતની ટાઈટલની ખાત્રી કરીને મજકુર મિલકતનો વેચાણ દસ્તાવેજ કરાવી લીધેલ છે.

**સબ રજીસ્ટ્રાર સાહેબશ્રી, અઠવા, ઉધના, રાંદેર, અલથાણની કચેરીમાં સદરહુ મિલકત અંગેના છેલ્લા ૩૦ વર્ષના રેકર્ડ સર્ચ કરતા સદરહુ મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો હકક, કરજ, બોજો, ચાર્જ કે લિયનના હકકો જણાય આવેલા નથી.**

## <u>પ્રમાણપત્ર</u>

સુરત ડીસ્ટ્રીકટ, મજુરા સબડીસ્ટ્રીકટના મોજે ગામ વડોદની સીમમાં આવેલી રે.સ.નં. ૨૨/પૈકી ૧ ક્ષેત્રફળ ૦ હેકટર ૮૧ આરે ૦૦ ચો.મી , ૨૨ / પૈકી ૨ ક્ષેત્રફળ ૦ હેકટર ૮૧ આરે ૦૦ ચો.મી તથા ૨૩ ક્ષેત્રફળ ૦ હેકટર ૮૮ આરે ૦૦ ચો.મી ની બિનખેતીની ખુલ્લી જમીન કુલ્લે ક્ષેત્રફળ ૨ હેકટર ૫૦ આરે ૦૦ ચો.મી એટલે કે ૨૫૦૦૦ ચો.મી જેનો એકત્રીકરણ બાદ નવો રે.સ.નં. ૨૨/૧ ક્ષેત્રફળ ૨ હેકટર ૫૦ આરે ૦૦ ચો.મી છે. તથા જેનો ટી.પી. સ્કીમ નં. ૬૩ (વડોદ) માં સમાવેશ થતાં ફાયનલ પ્લોટ નં. ૩૧ ક્ષેત્રફળ ૨૧૬૫૨ ચો.મી ફાળવવામાં આવેલ છે તે ફાયનલ પ્લોટ પૈકી સબ પ્લોટ નં. ૨ પૈકી સબ પ્લોટ નં. "બી" ક્ષેત્રફળ ૩૦૫૯.૫૬ ચોમી બિનખેતીની જમીન જમીનમાં **વાઈબ્રન્ટ બીલ્ડક્રાફ્ટ**



JAYESH R. LIMBACHIYA ADVOCATE

**એલએલપી– એક લીમીટેડ લાયાબીલીટી ભાગીદારી પેઢી ધ્વારા રહેણાંકના હેતુ બાંધવામાં આવેલ ''કિયાન રેસીડેન્સી''** ના નામની યોજના વાળી મિલકત બાબત જે મિલકતના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ છે.

**<u>ઉપરોકત ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ નીચે જણાવેલા દસ્તાવેજોના આધારે આપવામાં આવેલ છે.</u>**

૧. રજી. વેચાણ દસ્તાવેજ નં. ૧૦૦૯૧, તા.૦૩.૧૦.૨૦૨૨ તથા રજીસ્ટ્રેશન રસીદની નકલ તથા ઈન્ડેક્ષની નકલ.

૨. રજી. ડેવ્લોપમેન્ટનો કરાર નં. ૨૭૫૩, તા.૧૦.૦૩.૨૦૨૩ તથા રજીસ્ટ્રેશન રસીદની નકલ તથા ઈન્ડેક્ષની નકલ.

૩. બ્લોક નં. ૨૨/૧/૨/૨ ની સને ૧૯૪૭ થી ૨૦૨૩ સુધીની ગામ નમુના નં.૭ તથા ગામ નમુના નં.૧૨ ની નકલ.

૪. હકકપત્રક (ગામ નમુના નં.૬) ની નકલ.

૫. એન. એ. ઓર્ડરની નકલ.

JAYESH R. LIMBACHIYA ★ ADVOCATE ★

..................................

જયેશ. આર. લીંબાચીયા
એડવોકેટ

## Inspector General of Registration
## Revenue Department, Government of Gujarat
### અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : સુરત ડિસ્ટ્રીક્ટ મજુરા સબડીસ્ટ્રીક્ટ મોજે ગામ -વડોદ, એકત્રીકરણ બાદ નવો રે.સ.નં. 22/1, ટી.પી.સ્કીમ નં. 63, ફાયનલ પ્લોટ નં. 31 તે ફાયનલ પ્લોટ પૈકી સબ પ્લોટ નં. 2 પૈકી સબ પ્લોટનં. "બી" બીનખેતીની ખુલ્લી જમીન.

Search in : VADOD/VADOD

પહોંચ નંબર ૨૦૨૩૦૧૮૦૦૦૩૮૧૫૧ અરજી નંબર ૨૩૪૫૪ અરજી વર્ષ ૨૦૨૩

તારીખ ૨૬ માહે મે સને ૨૦૨૩

રજુ કરનારનું નામ JAYESH R LIMBACHIYA

ટ્રાન્જેક્સન નંબર 20230525951554633

| નીચે પ્રમાણે ફી પહોંચી | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો | |
| શેરોની નકલ કરવા માટે ફી | |
| ટપાલ ખર્ચ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ ) | |
| શોધ અગર તપાસણી.....વર્ષ : 1993 થી 1999 | ૮૦.૦૦ |
| દંડ કલમ-૨૫ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ ) | |
| નકલ ફી ફોલીયો | |
| ઈન્ડેક્ષ-૨ ફી | |
| અન્ય ફી | |
| કુલ એકંદરે રૂ. | ૮૦.૦૦ |

અંકે રૂપીયા એંશી પુરા

THE SEAL OF THE SUB REGISTRAR SURAT CITY-1 (ATHWA)

એમ. આર. પરમાર
સબ રજીસ્ટ્રાર
સુરત - 1 City

## Inspector General of Registration
## Revenue Department, Government of Gujarat
## અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : સુરત ડિસ્ટ્રીક્ટ મજુરા સબડીસ્ટ્રીક્ટ મોજે ગામ -વડોદ, એકત્રીકરણ બાદ નવો રે.સ.નં. 22/1, ટી.પી.સ્કીમ નં. 63, ફાયનલ પ્લોટ નં. 31 તે ફાયનલ પ્લોટ પૈકી સબ પ્લોટ નં. 2 પૈકી સબ પ્લોટનં. "બી" બીનખેતીની ખુલ્લી જમીન.

Search in : વડોદ /VADOD

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૩૦૧૯૦૦૦૨૨૨૪૬ | અરજી નંબર | ૧૧૮૫૬ | અરજી વર્ષ | ૨૦૨૩ |
| તારીખ | ૨૬ | માહે | મે | સને | ૨૦૨૩ |

રજુ કરનારનું નામ JAYESH R LIMBACHIYA

ટ્રાન્જેક્સન નંબર 20230525724347451

THE SEAL OF THE SUB REGISTRAR
સબ રજીસ્ટ્રાર સુરત-૨
SURAT-2

| નીચે પ્રમાણે ફી પહોંચી | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો | |
| શેરોની નકલ કરવા માટે ફી | |
| ટપાલ ખર્ચ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ ) | |
| શોધ અગર તપાસણી.....વર્ષ : 1999 થી 2005 | ૮૦.૦૦ |
| દંડ કલમ-૨૫ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ ) | |
| નકલ ફી ફોલીયો | |
| ઈન્ડેક્ષ-૨ ફી | |
| અન્ય ફી | |
| કુલ એકંદરે રૂ. | ૮૦.૦૦ |

અંકે રૂપીયા ઐંશી પુરા

S.U.GADHAVI
સબ રજીસ્ટ્રાર
SURAT

IGR-NIC(G) 202301900022246 (W)

26/05/2023 16:11:24

ઇન્સપેક્ટર જનરલ ઑફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય)

# મિલ્કત પરના બોજા અંગેનું પત્રક / Encumbrance Certificate (E.C)

Search in : Jayesh R. Limbachiya અરજી નંબર : 8022023593197 ગામ નું નામ : VADOD મિલ્કતનો પ્રકાર: Non-Agriculture

Search Year : 2005 - 2012

મિલ્કતનું વર્ણન , Survey No : સુરત ડિસ્ટ્રીક્ટ મજુરા સબડીસ્ટ્રીક્ટ મોજે ગામ વડોદની સીમમાં આવેલી રે.સ.નં. 22/પૈકી 1 ક્ષેત્રફળ 0 હેક્ટર 81 આરે 00 ચો.મી., 22/પૈકી 2 ક્ષેત્રફળ 0 હેક્ટર 81 આરે 00 ચો.મી. તથા 23 ક્ષેત્રફળ 0 હેક્ટર 88 આરે 00 ચો.મી. ની બિન ખેતીની ખુલ્લી જમીન કુલ્લે ક્ષેત્

દસ્તાવેજની આ શોધ S.R.O - Udhana મા 8 વર્ષના ઈન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા પુરતોજ મર્યાદીત છે. આ શોધમા ના 26-05-2023 સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભાગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ<br>નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| ---------------------- NO DATA AVAILABLE -------------------------- | | | | | | | | |
| રૂ. | | | | | | | | |

ઈ –પેમેન્ટ ટ્રાન્ઝેક્શન ID No.20230525842231006 તા 25-05-2023 થી મળેલ છે.

શોધ ફી 90.00

EC. ફી 100

Search by : સબ-રજીસ્ટ્રાર S.U.GADHAVI

**Self attested/સ્વ-પ્રમાણિત :**

નોંધ: આ બોજાપત્રક આપનાર સબરજીસ્ટ્રાર કચેરી તેની વિગતોની ચોકસાઈ અથવા ખરાપણા વિશે બાંહેધરી આપતા નથી. તેમજ નુકશાની માટેના કોઈપણ હકદાવા માટે જવાબદાર રહેશે નહી. સીસ્ટમ જનરેટેડ બોજાપત્રક (Encumbrance Certificate)હોવાથી સહી કરેલ નથી તેમજ નકલમાં કોઈ ફેરફાર/ચેડાં કરવા કે ખોટી નકલ બનાવવી ફોજદારી ગુન્હો છે. આ અંગે કોઈ વિસંગતા કે વિવાદ વખતે અસલ રેકર્ડ માન્ય ગણાશે.

ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય)

## મિલ્કત પરના બોજા અંગેનું પત્રક / Encumbrance Certificate (E.C)

Search in : Jayesh r. Limbachiya અરજી નંબર : 8022023577466 ગામ નું નામ : VADOD મિલકતનો પ્રકાર: Agriculture

Search Year : 2012 - 2019

મિલ્કતનું વર્ણન , Survey No : સુરત ડિસ્ટ્રીક્ટ મજુરા સબડીસ્ટ્રીક્ટ મોજે ગામ વડોદની સીમમાં આવેલી રે.સ.નં. 22/પૈકી 1 ક્ષેત્રફળ 0 હેક્ટર 81 આરે 00 ચો.મી., 22/પૈકી 2 ક્ષેત્રફળ 0 હેક્ટર 81 આરે 00 ચો.મી. તથા 23 ક્ષેત્રફળ 0 હેક્ટર 88 આરે 00 ચો.મી. ની બિન ખેતીની ખુલ્લી જમીન કુલ્લે ક્ષેત

દસ્તાવેજની આ શોધ S.R.O-Surat - 8 Rander મા 8 વર્ષના ઈન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા પુરતોજ મર્યાદીત છે. આ શોધમા તા 23-05-2023 સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભાગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| ---------------------- NO DATA AVAILABLE ---------------------------- | | | | | | | | |
| રૂ. | | | | | | | | |

ઈ –પેમેન્ટ ટ્રાન્ઝેકશન ID No.20230522416408110 તા 22-05-2023 થી મળેલ છે.

શોધ ફી 90.00

EC. ફી 100

Search by : સબ-રજીસ્ટ્રાર SATISHKUMAR NARANBHAI PATEL

**Self attested/સ્વ-પ્રમાણિત :**

નોંધ: આ બોજાપત્રક આપનાર સબરજીસ્ટ્રાર કચેરી તેની વિગતોની ચોકસાઇ અથવા ખરાપણા વિશે બાંહેધરી આપતા નથી. તેમજ નુકશાની માટેના કોઈપણ હકદાવા માટે જવાબદાર રહેશે નહી. સીસ્ટમ જનરેટેડ બોજાપત્રક (Encumbrance Certificate)હોવાથી સહી કરેલ નથી તેમજ નકલમાં કોઇ ફેરફાર/ચેડાં કરવા કે ખોટી નકલ બનાવવી ફોજદારી ગુન્હો છે. આ અંગે કોઇ વિસંગતા કે વિવાદ વખતે અસલ રેકર્ડ માન્ય ગણાશે.



પ્રિન્ટ તારીખ : 23-05-2023

ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય )

## મિલ્કત પરના બોજા અંગેનું પત્રક / Encumbrance Certificate (E.C)

Search in : JAYESH R. LIMBACHIYA અરજી નંબર : 8022023610300 ગામ નું નામ : Vadod મિલકતનો પ્રકાર: Non-Agriculture
Search Year : 2019 - 2023 મિલકતનું વર્ણન: Block No : મોજે ગામ વડોદ, રે.સ.નં. 22 પૈકી 1, 22 પૈકી 2 તથા 23, જેનો એકત્રીકરણ બાદ નવો રે.સ.નં. 22/1, ટી.પી.સ્કીમ નં. 63 (વડોદ), ફાયનલ પ્લોટ નં. 31 તે ફાયનલ પ્લોટ પૈકી સબ પ્લોટ નં. 2 પૈકી સબ પ્લોટ નં. "બી" ક્ષેત્રફળ 3059.56 ચો.મી. બીનખેતીની ખુલ્લી જમીન.
દસ્તાવેજની આ શોધ S.R.O-Surat - 5 Althan મા 5 વર્ષના ઈન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા પુરતોજ મર્યાદીત છે. આ [illegible] 30-05-2023 [illegible]

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભાગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ<br>નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| માલિકી ફેરખત/વેચાણ<br><br>રૂ.25300000.00 | નવો સર્વે નંબર.22/1, ટી.પી. નંબર.63, એફ.પી. નં.31 પૈકી સબ પ્લોટ નં. 2 પૈકી સબ પ્લોટ નં. "બી" ક્ષેત્રફળ 3059.56 ચો. મી. બિનખેતીની ખુલ્લી જમીન | | | શ્રી લક્ષ્મી ડેવલપર્સ એક ભાગીદારી પેઢી વતી અને તરફે તેના ભાગીદારો નં.1 ધીમંત ઠાકોરભાઈ નાયક<br>2. કમલેશ હસમુખલાલ ગજ્જર<br>3. છાયા ઉમંગ નાયક<br>4. વિજય ઈશ્વરભાઈ દેસાઈ<br>5. હેમંત હિરાલાલ જંરીવાલા<br>6. કૌશલ્યા મોહનસિંહ કઠવાડીયા | કમલેશ હસમુખલાલ ગજ્જર | 03-10-2022<br><br>03-10-2022 | 10091 | |

ઈ –પેમેન્ટ ટ્રાન્ઝેકશન ID No.20230530239511281 તા 30-05-2023 થી મળેલ છે.

Search by : સબ-રજીસ્ટ્રાર SARAMANBHAI DANABHAI MUCHHAL

ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત-રાજ્ય )

**મિલ્કત પરના બોજા અંગેનું પત્રક / Encumbrance Certificate (E.C)**

Search in : JAYESH R. LIMBACHIYA અરજી નંબર : 8022023610300 ગામ નું નામ : Vadod મિલકતનો પ્રકાર: Non-Agriculture

Search Year : 2019 - 2023 મિલકતનું વર્ણન: Block No : મોજે ગામ વડોદ, રે.સ.નં. 22 પૈકી 1, 22 પૈકી 2 તથા 23, જેનો એકત્રીકરણ બાદ નવો રે.સ.નં. 22/1, ટી.પી.સ્કીમ નં. 63 (વડોદ), ફાયનલ પ્લોટ નં. 31 તે ફાયનલ પ્લોટ પૈકી સબ પ્લોટ નં. 2 પૈકી સબ પ્લોટ નં. "બી" ક્ષેત્રફળ 3059.56 ચો.મી. બીનખેતીની ખુલ્લી જમીન.

દસ્તાવેજની આ શોધ S.R.O-Surat - 5 Althan મા 5 વર્ષના ઈન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા પુરતોજ મર્યાદીત છે. આ [illegible] 30-05-2023 [illegible]

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભાગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ<br>નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| વિકાસ કરાર<br>રૂ.0.00 | સુરત ડિસ્ટ્રીક્ટ મજુરા સબડીસ્ટ્રીક્ટ મોજે ગામ વડોદની સીમમાં આવેલી રે.સ.નં. 22 પૈકી 1 ક્ષેત્રફળ 0 હેક્ટર 81 આરે 00 ચો.મી., 22/પૈકી 2 ક્ષેત્રફળ 0 હેક્ટર 81 આરે 00 ચો.મી. તથા 23 ક્ષેત્રફળ 0 હેક્ટર 88 આરે 00 ચો.મી. ની બિન ખેતીની ખુલ્લી જમીન કુલ્લે ક્ષેત્રફળ 2 હેક્ટર 50 આરે 00 ચો.મી. એટલે કે 2500 ચો.મી. જેનો એકત્રીકરણ બાદ નવો રે.સ.નં. 22/1 ક્ષેત્રફળ 2 હેક્ટર 50 આરે 00 ચો.મી. છે તથા જેનો ટી.પી.સ્કીમ નં. 63 (વડોદ) માં સમાવેશ થતાં ફાયનલ પ્લોટ નં. 31 ક્ષેત્રફળ 21652 ચો.મી. ફાળવવામાં આવેલ છે તે ફાયનલ પ્લોટ પૈકી સબ પ્લોટ નં. 2 પૈકી સબ પ્લોટ નં. "બી" ક્ષેત્રફળ 3059.56 ચો.મી. બીનખેતીની ખુલ્લી જમીન તેને લગતા અંદરના તથા બહારના તમામ હકો સહિત ઊંચે આકાશ અને નીચે પાતાળ સુધી તેને લાગતાવળગતા તમામ હક્કો સહિત કુલ્લે દરોબસ્ત. | | | વાઈબ્રન્ટ બીલ્ડક્રાફ્ટ એલએલપી – એક લીમીટેડ લાયાબીલીટી ભાગીદારી પેઢી તેના તરફે અને વતી તેના અધિકૃત ડેસિંગનેટેડ ભાગીદાર કુણાલકુમાર માધવજીભાઈ વાઘાણી | કમલેશ હસમુખલાલ ગજ્જર | 10-03-2023<br>10-03-2023 | 2753 | |

ઈ –પેમેન્ટ ટ્રાન્ઝેક્શન ID No.20230530239511281 તા 30-05-2023 થી મળેલ છે.

Search by : સબ-રજીસ્ટ્રાર SARAMANBHAI DANABHAI MUCHHAL

શોધ ફી 60.00

EC. ફી 100

નોંધ: આ બોજાપત્રક આપનાર સબરજીસ્ટ્રાર કચેરી તેની વિગતોની ચોકસાઇ અથવા ખરાપણા વિશે બાંહેધરી આપતા નથી. તેમજ નુકશાની માટેના કોઇપણ હકદાવા માટે જવાબદાર રહેશે નહી. સીસ્ટમ જનરેટેડ બોજાપત્રક (Encumbrance Certificate)હોવાથી સહી કરેલ નથી તેમજ નકલમાં કોઇ ફેરફાર/ચેડાં કરવા કે ખોટી નકલ બનાવવી ફોજદારી ગુન્હો છે. આ અંગે કોઇ વિસંગતા કે વિવાદ વખતે અસલ રેકર્ડ માન્ય ગણાશે.

પ્રિન્ટ તારીખ : 30-05-2023

Self attested/સ્વ-પ્રમાણિત